આસપાસ ચોપાસ
મંગળવાર ૧૧ જૂન, ૨૦૨૪

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

અટાલી ગામમાં પ્રાથમિક આરોગ્ય સેવા અને ઇન્ડસ્ટ્રિયલ ટાઉનશીપ બનાવવાનાં સપનાં હજુ અધૂરાં, ભવિષ્યમાં પૂરાં થવાની આશા

ટોક ઓફ ટાઉન

# ખડતલ ભૂમિ ધરાવતું ગામ એટલે વાગરા તાલુકાનું અટાલી



ઔદ્યોગિક નગરી દહેજથી ૧૭ કિમી અને ડિસ્ટ્રિક્ટ પેલેસ ભરૂચથી 33 કિમી દૂર આવેલું ખડતલ અને તાકાતવર ભૂમિ ધરાવતું વાગરા તાલુકાનું ગામ એટલે અટાલી. ભરૂચથી દહેજ જતા રોડ પર અટાલી ગામ વચ્ચે જ આવી જાય છે. આ ગામમાં બાજુમાં ઔદ્યોગિક વસાહત આવેલી હોવાથી મહદ અંશે પણ રોજગારીનો લાભ મળે છે. અટાલીની ધીગી ધરા પર આજે પણ મીઠો આવકાર જોવા મળે છે. અટાલી ગામ એ શિક્ષણ ક્ષેત્રે પણ આગળ છે. આઝાદીનાં આઠ વર્ષ પહેલાં પ્રાથમિક શિક્ષણની શુભ શરૂઆત થઇ હતી અને આઝાદીનાં ૨૦ વર્ષ બાદ આ જ ગામમાં માધ્યમિક શાળા શરૂ થઇ હતી. આ ગામમાં ITIના તમામ ટ્રેડ મળી ૧૧૦ જેટલા સ્ટુડન્ટ કોર્સ કરે છે. જેનાથી યુવાનોને જીઆઇડીસીમાં પણ સ્કીલ પ્રમાણે નોકરી મળી જાય છે. અટાલી ગામમાં કેટલીક ઇન્ડસ્ટ્રીઝ, જીઆઈડીસી સહિતની કેટલીક જમીનો આવેલી છે. અટાલી ગામમાં ઔદ્યોગિક વસાહતની કેટલીક કંપની માટે રહેણાક ટાઉનશીપ બનાવવા જમીન આપવામાં આવી છે. ભવિષ્યમાં ટાઉનશીપ બનતાં "ઇન્ડસ્ટ્રિયલ રેસિડન્ટસ સ્પોર્ટ્સ" બનશે એવી આશા છે. અટાલી ગામમાં આજે ૧૦૦ ટકા વિધવા અને વૃદ્ધ સહાય પેન્શન, ૧૦૦ ટકા શૌચાલય સહિતના લાભો મળે છે...



## ૬૦ વર્ષ જૂની અટાલી આશ્રમશાળા આજે હાઈટેક બની ગઈ છે



તત્કાલીન ધારાસભ્ય સ્વ.પ્રભાતસિંહ મકવાણાની કર્મભૂમિ અટાલી ગામ સહિત આજુબાજુનાં ૧૨ જેટલાં ગામને અક્ષર જ્ઞાન મળે એ માટે વર્ષ-૧૯૬૪માં અટાલી વિભાગ પ્રગતિમંડળ સંચાલિત અટાલી આશ્રમશાળાનો પાયો નંખાયો હતો. એ વખતે સામાન્ય ઓરડામાં વિદ્યાધામનું કામ થતું હતું. આજે અટાલી આશ્રમશાળાને ૬૦ વર્ષ પૂરાં થયાં છે. જેમાં સ્વ. પ્રભાતસિંહની દીકરી પદ્માબેન કિશોરસિંહ ખેર પ્રમુખ પદે આજે કાર્યરત છે. સાથે ગામના ટ્રસ્ટી અર્જુનસિંહ રણા પણ સંસ્થાની સુવિધા વધારવા તત્પર રહેતા હોય છે. આજે અટાલી આશ્રમશાળામાં એસસી/એસટીના ૧૮૦ જેટલા વિદ્યાર્થી





ધો-૧થી ૮ સુધીનો અભ્યાસ કરે છે. ખાસ કરીને આજે પણ ગુજરાતના પૂર્વ ભાગમાંથી (ઉમરગામથી અંબાજી) અને મધ્યપ્રદેશના જીઆઈડીસીના આ વર્ગનાં બાળકો શિક્ષણ મેળવે છે. બાજુમાં જ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારને લઈ ધીમે ધીમે આશ્રમશાળામાં અદ્યતન સુવિધા ઉપલબ્ધ થવા લાગી છે, જેમાં બે માળના એક બિલ્ડિંગમાં સાયન્સ લેબ અને કોમ્પ્યુટર લેબ (વિથ ફર્નિચર), લાઈબ્રેરી, પ્રાર્થના હોલ, ૫૦ જેટલી બેન્ચીસ, બંક બેડ અને ડાઈનિંગ હોલ બનાવી આપ્યા છે. ખાસ કરીને આ સંસ્થામાં કોર્પોરેટ અને અન્ય કંપનીનો સહકાર મળી રહ્યો છે. બાળકોને શિક્ષણ સાથે તંદુરસ્ત રહેવા માટે પ્લે ગ્રાઉન્ડ અને સાથે રમતગમતનાં સાધનો પણ કંપની દ્વારા આપવામાં આવ્યાં છે. આશ્રમશાળામાં એક કંપનીના ખર્ચે પાંચ વર્ષ માટે સાયન્સ શિક્ષક અઠવાડિયામાં બે દિવસ બાળકોને અભ્યાસ કરાવે છે. અટાલી આશ્રમશાળા હવે થોડી હાઈટેક બનવા જઈ રહી છે. આ આશ્રમશાળામાં બે સ્માર્ટ બોર્ડ લગાવ્યાં છે. આશ્રમશાળામાં રાલીઝ ઈન્ડિયા દહેજ અને અદાણી કંપનીનો સુવિધા વધારવામાં સહયોગ રહ્યો છે.

## ગામમાં સીસીટીવી કેમેરા લગાવવાની પ્રીતિબેન રણાની ઈચ્છા પૂરી થઈ





ગામમાં મહિલા સરપંચની જવાબદારી મળે એટલે આખા ગામમાં સીસીટીવી કેમેરા લગાવવાની પ્રીતિબેન રણાની ઈચ્છા હતી. વર્ષ-૨૦૨૨માં અટાલી ગામનાં સરપંચ તરીકે પ્રીતિબેન દિગ્વિજયસિંહ રણા ચુંટાઈને આવ્યાં. સરપંચ તરીકે જવાબદારી મળતાની સાથે જ પહેલું કામ અટાલી ગામમાં સીસીટીવી લગાવવાનું કર્યું હતું. અંતે ૨૬ સીસીટીવી કેમેરા લગાવી દેતાં તેમના મનની મુરાદ પૂરી થઈ હતી. ૩૩ વર્ષીય પ્રીતિબેને અગાઉ પણ ડેપ્યુટી સરપંચ તરીકે પાંચ વર્ષ જવાબદારી નિભાવી હતી. તેમના પરિવારમાં આમેય લીડરશીપના ગુણો હતા. જેને લઈ અટાલી ગામને હાઈટેક બનાવવા વિચાર કર્યો હતો. સરપંચ બન્યા બાદ પાંચ ફળિયામાં તમામ જગ્યાએ પેવર બ્લોક લગાવી દીધા છે. હજુ પણ ગામમાં જે સુવિધા બાકી હોય એ માટે આયોજન કરાયું છે. પ્રીતિબેન અટાલી ગામ માટે કહે છે કે, મારું ગામ આદર્શ બને એવા અમારા પ્રયાસો છે. ભવિષ્યમાં અમારું ગામ ચોક્કસ "મોડેલ વિલેજ" બનશે એવો મને વિશ્વાસ છે.



અટાલી ગ્રામ પંચાયત

## અટાલી ગ્રામ પંચાયતના પદાધિકારીઓ

» **સરપંચ-** રણા પ્રીતિબેન દિગ્વિજયસિંહ
» **ઉપસરપંચ-** રાઠોડ મુકેશભાઈ દશરથભાઈ
» **સભ્ય-** રાઠોડ સંજયભાઈ રમેશભાઈ
» **સભ્ય-** આહીર નાથુભાઈ લખાભાઈ
» **સભ્ય-** રાજ ક્રિષ્નાબેન ઈન્દ્રજીતસિંહ
» **સભ્ય-** ચૌહાણ મોહિનીબેન વિજયસિંહ
» **સભ્ય-** ચૌહાણ હંસાબેન અભેસિંહ
» **સભ્ય-** પરમાર મુકેશભાઈ ગોવિંદભાઈ
**સભ્ય-** રાઠોડ રંજનબેન જેન્તીભાઈ
**તલાટી કમ મંત્રી-** નસરૂલ્લા રાજ
**તલાટી કમ મંત્રી-** રાજ દેસાઈ

## અટાલી ગામનો પરિચય

» **ગામની કુલ વસતી-** ૧૧૪૫
» **કુલ પુરુષ-** ૫૧૨
» **કુલ સ્ત્રી-** ૫૩૩
» **ગામમાં કૂવા-** ૨(જર્જરિત હાલતમાં બિનઉપયોગી)
» **તળાવ-** ૨
» **ગામમાં કુલ ભૌગોલિક વિસ્તાર-** ૧૦૮૨ હેક્ટર, ૭૩ ચોરસ મીટર
» **જીઆઈડીસી સંપાદન કરેલો વિસ્તાર-** ૧૨૮ હેક્ટર
» **અટાલી ગામના કુલ ખાતેદાર-** ૬૫૦
» **તલાવડી-** ૫
» **કાંસ-** ૫
**મંદિર-** ૩
**મસ્જિદ-**૧
**બેન્ક-** ૩(BOB, ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેન્ક અને બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક)
**પ્રાથમિક શાળા-** ૧
**માધ્યમિક શાળા-** ૧
**અટાલી આશ્રમશાળા-** ૧
» **વાર્ષિક ગ્રાન્ટ-**૧૫ લાખ (તમામ ગ્રાન્ટ)

## ગામમાં પશુધન

» ગાય-૫૭ » ભેંસ-૧૨૩ » બકરાં-૬૮ » ગામમાં કુલ પશુધન-૩૧૦

## અટાલી ગામમાં સાક્ષરતાનું પ્રમાણ

» સાક્ષરતાનો દર-૭૦ ટકા
» નિરીક્ષરતાનો દર-૩૦ ટકા